R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 56 Issue No. 3 June - 2013

## રમત

બાળપણમાં રમાતી અનેક રમતોમાંથી અમૂક રમતો તમાને યુવાસ્થામાં પણ ઉપયોગી થઈ પડે છે. આવી રમતોમાંથી એક કરન્ટ પાસિંગ રમત રમવામાં આવે છે.

સમૂહમાં રમાતી આ રમતમાં ભાગ લેનાર ખેલાડીઓ વર્તુળાકારમાં ઉભા રહી એકબીજાનો હાથ પકડી રાખે છે. એ પછી કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિનો હાથ દબાવે છે, તે બીજી વ્યક્તિ કોઈ ત્રીજી વ્યક્તિનો અને એમ રમત આગળ ચાલે છે.

આ રમતમાં સંચાલક ભાગ લેનાર દરેક વ્યક્તિને આહવાન આપે છે કે કોઈપણ વ્યક્તિ વર્તુળની વચ્ચે ઉભો રહીને હાથ દબાવીને કોણે કરન્ટ પ્રથમ પસાર કર્યો છે તે ગોતી કાઢે.

આ આહવાનનો સ્વીકાર કરી એક પછી એક વ્યક્તિ આગળ આવે છે અને આ સરળ લાગતી બાબતમાં પોતાની કુશળતા બતાવવા આતુર હોય છે. આ રમતમાં સામાન્ય રીતે હાથ દબાવીને કરન્ટ કોણ પસાર કરે છે તેને શોધી કાઢવા વર્તુળમાં ઉભેલા બધા પર નજર ફેરવે છે. આ પ્રયાસમાં સમય પસાર થઈ જાય છે, પણ કોણ કરન્ટ પસાર કરે છે તે શોધી શકતા નથી.

બીજો પ્રતિસાદ એવો હોય છે કે આહવાન સ્વીકારનાર વ્યક્તિ વર્તુળની વચ્ચે આવે છે અને દરેક વ્યક્તિ પર નજર ફેરવવાને બદલે એક જ વ્યક્તિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને બહુ જલ્દી કરન્ટ પસાર કરનારને પકડી પાડે છે. જે ખૂબ જ સાચો પ્રયાસ છે. અત્યારના સમયમાં રમત મેનેજમેન્ટ અને લીડરશીપના ટ્રેનિંગમાંના પ્રોગ્રામ કે સેમિનારમાં પણ આ ગેમ એક ખાસ હેતુસર રમાડવામાં આવે છે અને ભાગ લેનાર વ્યક્તિમાંથી કોણ કેન્દ્રસ્થ રહે છે તે શોધી કાઢવામાં આવે છે.

બોધ : આ રમત સંચાલન અને વ્યવસ્થા મંચમાંથી ચાવીરૂપ વ્યક્તિ એ તમામ પ્રવૃત્તિ પર ધ્યાન ન આપતાં કોઈપણ પ્રવૃત્તિને ન્યાય આપી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

– સંકલન

# IMPORTANT ANNOUNCEMENT
## FOR ALL OUR COMMUNITY MEMBERS

**Date: 5/6/2013**

**To,**

**All Community Members**

We are glad to communicate the result of joint meeting of all our institutions on 3rd June 2013 at 6.45 pm at Smt. Subhadraben Navinchandra Shah(Kolkattawala) meeting hall of Shree Balasinor Pragati Samaj. The said meeting was called by Mr. Daxesh Kadakia and presided by Mr. Rasiklal M. Lakdawala with Hon'ble Presidents of all Mandal.

For the first time in history of our institutions , we the office Bearers and conveners of Shri Vadasinor Dashanima Navyuvak Mandal, Shree Balasinor Prajati Samaj, Shree Balasinor Navyuvak Sangh, Shree Vadasinor Dashanima Vidhyotejak Mandal unanimously decided to relive the burden of members taking advantage of our various schemes for medical, education and arthik rahat.

The main aim of all institution is to provide maximum benefit for education, medical, annasahay and aarthik rahat.

**Education** – This Aid is provided mainly by Vidhyotejak Mandal

It was unanimously decided by all institution that they will inform the allocation of funds by end of May to Vidhyotejak Mandal . Accordingly Vidhyotejak mandal will sanction the fund to needy person and all mandal will give cheques to needy persons as per direction of Vidhyotejak mandal. Documentation part for education purpose shall be done by Applicant with the help of Convener of Shree Vadasinor Dashanima Vidhyotejak Mandal for audit purpose.

**Medical –** This Aid is provided mainly by Shri Vadasinor Dashanima Navyuvak Medical Trust which is managed by Shri Vadasinor Dashanima Navyuvak Mandal. Shree Balasinor Navyuvak Sangh Convener will jointly work with convenier of Shri Vadasinor Dashanima Navyuvak Medical Trust & help them to provide medical help to needy people of Samaj.

**Annasahay & aarthik –** Shri Vadasinor Dashanima Navyuvak Mandal & Shree Pragati Samaj are jointly working on this scheme & shall carry the same.

In the said meeting, Mr. Kalpesh Dharia, President of Shree Navyuvak Sangh gave consolidated income & expenditure,Balansce sheet and working of all mandals for last 3 years & column-chart of age group of our social workers working for all our institutions & requested to promote new young and efficient workers for betterment of our society for years to come.

Hon'ble Presidents of all mandal are requested to work accordingly as per norms decided unanimously for better , smooth & fast working and decrease the burden of formalities for needy members

At present our aim is to work together & change the working structure time to time as and when required with prior consultation of all institutions.

All office bearers and conveniers shall meet twice a year for effective functioning of all mandal and present members shall inspire new young member to come forward and work together for progress of our samaj.

President Of Shree Balasinor Navyuvak Sangh Shri Kalpesh Dharia informed the members present that we should curtail the extra expenses for felicitation and , AGM etc and suggested if possible arrange AGM of institution together as we could provide more relief to members and a lot man hours can be saved.

**Yours truly**

**President of**

| | |
|---|---|
| **Shree Vadasinor Dashanima Vidhyotejak Mandal** | **Mr. Rasiklal Manilal Lakdawala** |
| **Shri Vadasinor Dashanima Navyuvak Mandal** | **Mr. Daxesh BabulalKadakia** |
| **Shree Balasinor Prajati Samaj** | **Mr. Nimish Manherlal Kadaki** |
| **Shree Balasinor Navyuvak Sangh** | **Mr. Kalpesh Suresh Dharia** |

# જ્યોતિ પુંજ

વર્ષ ૫૭ અંક ૦૩ તારીખ ૨૦-૦૬-૨૦૧૩

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**

# હવેથી આ પાને હું નહી હોઉં

## - વિદાય વેળાએ

**તંત્રી સ્થાનેથી**

જ્યોતિપુંજ સાથેનો મારો નાતો મારી પત્ની સંગીતા કરતાં જુનો છે. ૨૭ વર્ષ કરતાં પણ વધુનો અને તંત્રી તરીકેનો સંબંધ મારા સંતાનો કરતાં વધુ છે. આ સંબંધ બાપ દીકરીનો જ હોઈ શકે, કારણ કે હવે ૨૫ વર્ષે એને બીજા કોઈને સોંપવાનો સમય આવી ગયો છે. મારું સમગ્ર જીવન બદલી નાખનાર જ્યોતિપુંજના મારા સુખદ સંભારણા આજે વાગોળવાનું મન થાય છે.

મને યાદ છે. ૧૯૮૬ ના માર્ચ મહિનાની એ સવાર જ્યારે મારા ખાસ મિત્ર અને એ વખતના નવયુવક સંઘના મંત્રી નિલેશ કડકીઆ (મરઘા) એ પ્રેસ ઉપર લઈ જઈને પરિચય કરાવ્યો. તંત્રી ઉર્વીશભાઈ અને સહતંત્રી વ્રજેશભાઈનો અને ત્યારથી તંત્રી મંડળના એક સભ્ય તરીકે મારો જ્યોતિપુંજ સાથેનો નાતો જોડાયો. ટાઈપ સેટીંગના એ જમાનામાં એક એક અક્ષરના ટાઈપ ગોઠવી ગોઠવીને જ્યોતિપુંજની ગેલી બનતી અને એની ઉપર શાહી લગાડીને પ્રુફ નીકળતાં. બે થી ત્રણ વખત પ્રુફ રીડીંગ કરવું પડતું. પ્રેસના માલીક કાકુભાઈ ખુબ પ્રેમથી વડીલ તરીકે સલાહ સુચનો આપતાં અને પ્રુફરીડીંગ શીખવતાં. ઉર્વીશભાઈ પ્રેમાળ તંત્રી પદે અને વ્રજેશભાઈના સહતંત્રી પદે મારું ઘડતર થયું. ૧૯૮૮માં ઉર્વીશભાઈએ તંત્રી પદ છોડવાનો નિર્ણય લીધો. વ્રજેશભાઈએ એમનો હક્ક છોડીને મને તંત્રી પદ સોંપ્યું. પ્રુફ રીડીંગ કે સંકલન

તો શીખ્યો પરંતુ મોર્ડન સ્કુલમાં ગુજરાતીમાં ફરજીયાત લખેલા નિબંધો સિવાય લખાવનો કોઈ અનુભવ નહોતો પરંતુ ,''તંત્રી સ્થાનેથી તંત્રી લેખ તો લખવોજ જોઈએ એના દ્વારા જ સમાજના મુખપત્રમાં સમાજનો સાચો ચહેરો લોકોને દેખાડી શકાય." સમાજના પ્રશ્નો લોકો સમક્ષ લાવી શકાય એવી મારી દ્રઢ માન્યતાથી શરૂ થઈ જ્યોતિપુંજની લેખન યાત્રા. એ વખતે અમને આવનાર બાળકના ઉછેર અને ઘડતરની તૈયારી રૂપે ઘણા પુસ્તકો વાંચતો. એજ વિચારોને શબ્દો આપી મારો પ્રથમ લેખ લખાયો. 'પાપા કહે તે હે બડા નામ કરેગા' પછી તો સમાજમાંથી, આજુબાજુની ઘટનાઓમાંથી, લોકોને મળીને થયેલી વાતોમાંથી, વાંચનમાંથી અને બાળપણથી સીંચાયેલા મા-બાપના સંસ્કારો અને વિચારોમાંથી નવા નવા લેખોની પ્રેરણા મળતી ગઈ. ભગવાનનું નામ લઈને લખવા બેસુ અને જાણે કોક લખાવતું હોય એવી અનુભુતિ થતી, શબ્દો આપોઆપ આકાર પામતાં, ક્યારેક તો લખાયેલું પાછુ વાચું ત્યારે આશ્ચર્ય થતું કે આવું મારાથી કેવી રીતે લખાઈ ગયું ? આમ કોક કુદરતી શક્તિ દ્વારા લખાણને વેગ મળ્યો. વાંચકોના પ્રેમ અને સારા પ્રતિસાદથી એને વધુ બળ મળ્યું. એમાં પણ જ્યારે શશીભાઈ કડકીઆ જેવા વિદ્યાન સાક્ષરનો પત્ર મળ્યો ત્યારે તો જાણે ઓસ્કાર મળ્યો હોય એવી લાગણી થઈ હતી.

વર્ષો વીતતાં ગયા. ટાઈપસેટીંગના બદલે કોમ્પ્યુટર આવ્યા. વડીલ કાકુભાઈની વિદાય બાદ પ્રેસમાં તુષારભાઈ તથા દીપ્તીબેનનો સાથ મળ્યો. નવયુવક સંઘમાં પ્રમુખો, મંત્રીઓ, અને કાર્યકર્તાઓ બદલાતાં ગયા. બધાનો ખુબ પ્રેમ, સાથ અને સહકાર મળ્યો. થોડાક નામો લઈને બીજાને અન્યાય નથી કરવા માંગતો. પરંતુ બાબુકાકા હાથીખાનાવાળા, પ્રવીણકાકા દેસાઈ અને R.K. કાકા સાથે અને ત્યારબાદ મારા સમવયસ્ક મિત્રો સાથે કામ કરવાની ખરેખર મજા આવી. તંત્રી મંડળમાં વ્રજેશભાઈ, સુનીલભાઈ, જતીનભાઈ, રીટાબેન, નિકેશભાઈ, ચેતન મોદી, અમીત પારેખ વગેરેનો સાથ મળ્યો. અને એ સાથ પણ કેવો ? મારા એક વર્ષના ઓસ્ટ્રેલીયાના વસવાટ દરમ્યાન મને તંત્રીપદ છોડવા ન દેતાં મારા વતી મારા નામ સાથે જ્યોતિપુંજ સંભાળ્યું.

સુનીલભાઈ, ચેતનભાઈ, અમીતભાઈ તથા મંજુલભાઈના પ્રયત્નોથી જ્યોતિપુંજ દર મહિને નેટ ઉપર **'ઈ-જ્યોતિપુંજ'** બનીને મુકાયું. આપણા બાલાસિનોરના અન્ય લેખકો અને કવિઓએ પણ જ્યોતિપુંજને સુંદર વાંચન સામગ્રી પીરસીને મને સુંદર સાથ આપ્યો છે. ખાસ કરીને ઉષાબેન ધારીઆ, સરલાબેન મોદી, પ્રવીણકાકા દેસાઈ, અમીતાબેન, સતીષભાઈ, રાજેશભાઈ, પંકજભાઈ અને ચાંદશાનો ફાળો અવીરત મળતો રહ્યો. એડવટાઈઝમેન્ટ દ્વારા આર્થિક મદદ પણ વગર માંગે મળતી રહી. ખુબ સમય માંગતી આ જવાબદારી ઘરમાં પત્ની સંગીતાના અને વ્યવસાયમાં ભાઈ નિમિષના સહકાર અને પ્રોત્સાહન વગર શક્ય બની ન હોત.

હું હંમેશા માનું છું કે મેં જ્યોતિપુંજને જેટલું આપ્યુ છે એના કરતાં અનેક ઘણું જ્યોતિપુંજે મને આપ્યું છે. દરેક તંત્રીલેખો દ્વારા મારો પોતાનો

વિકાસ થયો છે. મારા વિચારો સ્પષ્ટ થયા છે. મારા વિચારોને નવી દિશા સાંપડી છે. મારા વ્યક્તિત્વનું ઘડતર થયું છે, ''આપણે ના માનતા હોઈએ એવું લખીજ કેવી રીતે શકાય?'' એ વિચાર માત્રથી પરિવર્તન થયા છે. એક લેખના ત્રણ પાનાની પાછળ ચાર થી છ કલાકનું લેખન અને ૧૦ થી ૧૫ દિવસનું મનોમંથન અને વિચાર પ્રક્રિયા રહેતી. ક્યારેક એકી બેઠકે લખાઈ જતું ક્યારેક અડધું લખાયેલું ફડાઈ જતું. પરંતુ દરેક લેખ લખ્યા પછી કંઈક સર્જન કર્યાનો એવો આનંદ આવતો કે બધી મહેનત ભુલાઈ જતી. વાચકોએ પણ અઢળક પ્રેમ અને પ્રોત્સાહન આપ્યા છે. એમની પ્રસંશાના શબ્દોથી જ ૨૫ વર્ષની લેખન યાત્રા કયાં પસાર થઈ ગઈ ખબર ન પડી. આ સાથે અન્ય સામાજીક કાર્યો કરવાની અને લગભગ બધીજ સંસ્થાઓના જાહેર સમારંભોના સંચાલન કરવાની તક પણ મળી. કેટલાંયે કાર્યકર્તાઓને દાતાઓને અને લોકોને મળવાના, જાણવાના અવસરો મળ્યા. ઘણા બધા મિત્રો અને અનેક સુંદર સંબંધો મળ્યા. વિચારોને ચર્ચાઓ દ્વારા લોકોએ વાચા આપી અને સમાજમાં થોડા ઘણા સુક્ષ્મ પરિવર્તનો પણ થયા એ વાતનો મને આનંદ છે.

આપણે બાળકને આપીએ એનાથી અનેક ઘણો પ્રેમ અને આનંદ બાળક આપણને આપતું હોય છે. આવો જ પ્રેમ મેં જ્યોતિપુંજ સાથે કર્યો છે. જીવનમાં દીકરીનું સુખ નથી મળ્યું. પરંતુ આજે દીકરીની વિદાયવેળાએ માબાપના જીવનમાં આવી પડતાં ખાલીપાને અનુભવી શકું છું. આજે ૨૫ વર્ષ બાદ જ્યોતિપુંજના સક્રીય તંત્રીપદેથી વિદાય લેતાં વિષાદ તો થાય છે. પરંતુ પરિવર્તન દુનિયાનો નિયમ છે. મને ખાતરી છે કે મારા અનુગામી તંત્રીઓ પણ જ્યોતિપુંજની એટલાંજ પ્રેમથી માવજત કરશે. તેઓને સહુને મારા સંપુર્ણ સાથ સહકારની ખાતરી આપુ છું.

લખવું એ મારી આદત થઈ ગઈ છે. વિચારોનાં વમળોને વહેવું તો પડશે જ એટલે લખાણો દ્વારા ક્યારેક ક્યારેક અંદરના બીજા પાનાઓ પર મળતા રહીશું. પણ હવેથી તંત્રી સ્થાનેથી આ પાને હું નહી હોઉ. આપ સૌના પ્રેમના સ્વીકાર સાથે વિદાય માગું છું.

**કદીક ચિંતા કરી લઉં છું. કદીક ચિંતન કરી લઉં છું**
**જીવનમાં એમ જીવનનું હું સંશોધન કરી લઉં છું.**
**મથું છું મથી ને બસ હૃદયમાં કથન કરી લઉં છું.**
**વિસર્જન થાય જ્યાં પ્રેમનું કલમ થી ફરી સર્જન કરી લઉં છું.**

**– નિખિલ બાબુલાલ પરીખ (લાય)**

# સુખ - સાગર

એક ટેક્ષી વાળાને મેં કહેલું કે લે ચલો સુખ-સાગર, જવાબ વાળ્યો કે સચમુચ ઈસ ધરતી પર સુખ કા સાગર હૈ. હું પચીસ વર્ષથી જ્યાં રહ્યો, તેના શબ્દોનો મર્મ કદી વિચાર્યો નહી જે એક ટેક્ષીવાળાએ કહી સપનામાં ધકેલી દીધો.

બીજી એપ્રિલએ ન્યુયોર્ક શહેરમાં યુનોએ સુખના માપ કાઢવા એક કોન્ફરન્સ બોલાવેલી. આ સંમેલનમાં દુનિયાના જુદા જુદા રાષ્ટ્રોમાં આનંદની અનુભૂતિ અંગેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો. આનંદની વ્યાખ્યામાં સાત ગણતરીનો સમાવેશ થાય છે. સમૃદ્ધિ, સ્વાતંત્ર, સામાજિક એકાત્મતા, શુદ્ધતા, શારીરિક, ધંધાની સધ્ધરતા અને જાન-માલની સલામતી.

દુનિયામાં સોથી સુખી દેશ ડેન્માર્ક છે. ફિનલેન્ડ, નોર્વે અને હોલેન્ડ અનુક્રમે ત્રણે લગભગ સાથે છે. અમેરિકાનુ સ્થાન ૧૧મુ છે, બ્રિટન ૧ નંબરે આવે છે અને આપણો દેશ ૮૪ નંબરે આવે છે. સામાજીક અને કુટુંબજીવનના ક્ષેત્રે તો યુરોપ-અમેરિકા આપણાથી પછાત છે.

માણસે પૃથ્વી પર જન્મ લીધો ત્યારે સૂર્યથી ઉર્જા ઉત્પન્ન કરી ત્યારથી આજે I-PAD ની શોધ માણસે ભૌતિક સુખ, સગવડ, સાનુકુળતા, સમૃદ્ધિ, સુવિધા, સરળતા, સહજતા, સંવેદના વધુને વધુ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો રહ્યો છે. ઓશો રજનીશના પ્રવચનમાં ક્યારેય એક વાર્તા સાંભળેલી કે, સુખની શોધમાં નીકળેલા એક ભાઈ સંત પાસે ગયાને પુછ્યુ સુખ ક્યાં મળશે ? સાધુએ કહયું કે સુખી માણસનું પહેરણ લઈ આવ પછી તને હું સુખી કરીશ. ઘણી શોધ કરી, કોઈને કંઈકને કંઈક તો દુઃખ હોય જ છેવટે એક માણસ મળ્યો જેણે કહયું હું બહુ સુખી છું. પેલા માણસે તેનું પહેરણ માંગ્યુ, તો કહે મારી પાસે પહેરણ નથી. એ એટલો ગરીબ હતો.

૨૬, ૨૭ કે ૨૮ વર્ષની કન્યાને યોગ્ય મુરતીયો મળતા તેનું કુટુંબ સુખાછિત્ત થઈ જાય છે. ગીચ વિસ્તારમાં કાર ચલાવનારને યોગ્ય પાર્કીંગ મળતા, હાશકારો થાય છે. ઈચ્છીત શાળા કે કોલેજમાં પ્રવેશ મળતા સુખ અનુભવાય છે. ઘણા વર્ષે ખોળો ભરાતા ઘરમાં આનંદ પ્રસરે છે. લાંબી માંદગી બાદ ખાટલો વાળતા સહજ સુખ પ્રાપ્તી થાય છે. આમ જીવને સંજોગો પ્રમાણે ઈચ્છીત વસ્તુ યા સંજોગો પ્રાપ્ત થતાં આનંદોઉલ્લાસ લાગે છે.

એક રશિયન કહેવત છે જીવન કેટલું સુંદર છે અને આપણે કેટલી ખરાબ રીતે જીવીયે છીએ. માનવી અને તેના જીવન સાથેનો ખટરાગ જગજૂનો છે. પોતાના જીવનમાં સહજ સ્વીકાર ન કરવો તેનો હઠાગ્રહ હોય છે. પરિણામે જીવનમાં કાયમ એવી પરિસ્થિતીનું નિર્માણ થયેલુ રહે છે કે પોતે આવેલા જીવનમાં સુખોને માણી કે જાણી નથી શકતો. આ સામે કેટલાક માનવી પોતાના જીવનનો એટલો સુંદર રીતે સ્વીકાર કરતાં હોય છે કે તેઓ દુઃખોની વચ્ચે પણ પોતાના ઉમંગને ટકાવી શકે છે. પોતામાં રહેલી ખામીયોને સ્વીકાર કરતા તેજ ખામી હવે ખુબીઓ દેખાય છે. તેજ રીતે બીજાની ખામીયોમાં પણ ખુબીઓ હકારાત્મક વલણને હિસાબે દેખાવા માંડે છે. જે મળ્યું તેમાં સંતોષ ન માણતા જે પોતાની પાસે નથી અને તેમાંય ખાસ બીજા પાસે છે તે જાણીને વધુ દુઃખી થાય છે.

જગતમાં કોઈનું જીવન દુઃખોથી ભરેલું હોતુ

નથી. માનવી પોતાની ક્ષમતા કરતાં અપેક્ષાઓ વધારે રાખે છે. રોજ સવાર સાંજ દસ વાર બોલવું જોઈએ અને પ્રાર્થના કરવી જોઈએ કે, 'હે પ્રભુ તે મને મારી શક્તિ, હોંશીયારી, આવડત, લાયકાત કરતાં તે મને અનેક ઘણુ આપ્યુ છે. હું પૂર્ણ છું મને કંઈ જોઈતું નથી.'

માનવી પોતાના જીવનમાં ઉપસ્થિત થયેલી પરિસ્થિતિને કેવા અર્થમાં સમજે છે તેની પર સુખઃદુખનો આધાર છે. અહી ખલિલ જિબ્રાનની 'તરંગી' નામના શીર્ષક તળે લખાયેલા હકારાત્મક વલણ ધરાવતા એક માનવીની વાતોનો નીચોડ ટૂંકમાં લખ્યો છે. રણમાં રહેનાર એક માનવી ભૂલથી કોઈ શ્રીમંત રાજાના ભોજન-સમારંભમાં છૂપકીથી જમણ લઈ લે છે. રાજાને ખબર પડે છે ને તેને સભા ખંડમાં બોલાવી સજા ફરમાવે છે, કે મારા ગામમાં વાજા સાથે તેને ગધેડા પર બેસાડી તેના ગળામાં પાટીયુ લગાડીને કૃત્ય જાહેર કરવું. આ તરફ માણસ હકારાત્મક વાતને લઈને એટલો હરખાય છે કે આ લોકો કેટલા ભલા ને માયાળુ છે મને પ્રમાણ પત્ર આપી વાઝતે ગાજતે ગામ આખામાં મારું નામ રોશન કર્યુ. ને સરઘસ કાઢી મારું સ્વમાન વધાર્યું.

એક વિચારકે તો ભારપૂર્વક કહયું છે કે જીવનની અધૂરપ ને મધૂરપમાં ફેરવવાની કળા જાણશો તો જીવન સુખમય તેમજ ભવ્ય જણાશે. પોતાના જીવનનો સહજથી સ્વીકાર કરવો એટલે સુખની ગેરંટી. જે પોતે જીવનના વહેણને જ્યાં મોકળાશ મળે ત્યાં વહાવી જવામાં માને છે તે માનવીને જીવનમાં ક્યારેય કંટાળો જોરૂ કરી શકતો નથી. માનવીનું જીવન અનુપમ સૌંદર્યભર્યુ ભરેલુ પડયું છે જગતમાં ક્યારેય કોઈનું જીવન કદરૂપુ હોતુ નથી. પરંતુ પોતાના જીવનમાં રહેતા આ અનુપમ સૌંદર્યને જોવા માટે માત્ર અને માત્ર જીવનનો સ્વીકાર કરવો રહયો.

સુખની પ્રાપ્તી માટે ઓશો રજનીસના દ્રષ્ટાંતથી પુરી વાતનો સાર મળી જશે.

એક નદીમાં બે ઝાડની ડાળી પડી, એક સીધી પડી વહેણની દિશામાં જયારે બીજી આડી પડી, જેણે અનેક ઠોકરો, ડચકા, અડફેટ વાગતી રહી. જે સીધ્ધી પડી તે સરળતાથી વહી ગઈ. આમ આપણાં જીવનમાં જે મળે છે તે પરિસ્થિતિનો જે સ્વીકાર કરે છે તેનુ જીવન સરળ પસાર થાય છે આથી ઉલટું જે અસ્વીકાર કરી સંઘર્ષ, લડાઈ, ઝઘડા, કલેશ કરે છે તે અંતે દુઃખમય થાય છે.

શક્તિથી વિશેષ ઈચ્છાઓ રાખવી નહી. કુટુંબોમાં કડવાશને બદલે મન મોટુ રાખી અહંકાર બાદ કરતાં વ્યવહારુ થવું. ખટપટ કે ખટરાગને બદલે ખુશીથી સામાનો સમજપૂર્વક સ્વીકાર કરવો. વાંધા વચકાની વાતથી વેરઝેર વધારવાને બદલે વિનમ્રતા દાખવવી. અધિકારના આંધળા આગ્રહને બદલે અન્યોના અધિકારને આદર આપવો. હતાશા કે હાય વોયને બદલે હસતા રહીને હેતુઓ હાંસલ કરીએ. વય સાથે વધતી વડીલોની વેદનાને સહન કરી અકળામણ દૂર કરીયે.

આ ચલ કે તુજે મૈં લે કે ચલૂ કહી ઐસે ગગન કે તલે, જહા ગમ ભી ના હો, આંસૂ ભી ના હો બસ પ્યાર હી પ્યાર (સુખ હી સુખ) પલે.

માણસનું મન 'અતૃપ્તિ'ના અભિષાપથી પીડાય છે. અન્ન, વસ્ત્ર, રહેઠાણ, રોજગારી, સાંસારિક સુખોથી માણસ વંચીત હોય ત્યારે તેનું હોવુ ન હોવું એટલે કે 'અભાવ' તેને ખટકે છે, કારણ કે માણસનું મન

સુખેષ્ણાઓ એટલે કે સુખાનુભુતિની ઈચ્છાઓ માટે તરસ્યુ રહે છે. આર્થિક, સામાજીક, આધ્યાત્મિક, સ્થિતિ પૈકી જે સ્થિતિમાં અને અસંતોષ લાગતો હોય તે સ્થિતિથી તે મથિત-વ્યથિત-પીડીત અને વ્યાકુળ રહે છે. જેને તે દુઃખ સમજે છે. જેને થોડુ મળે છે તે માણસ જેની પાસે વધુ છે તેની સાથે પોતાની સ્થિતિની સરખામણી કરે છે અને પોતાના મનની વાંછિત ધન, પદ, સત્તા, વૈભવ, સન્માન વગેરે ન મળ્યા કે ઓછા મળ્યા તેનો તેને અસંતોષ કાળજુ કોરી ખાય છે. માણસ ધ્વંન્દગ્રસ્ત રહે છે. એના મનમાં ચાલતી જાતજાતની ઈચ્છાઓ તેને ઠરવા દેતી નથી. ઈચ્છા એટલે શું ? મારે અમુક વસ્તુ પ્રાપ્ત કરવી એવા સંકલ્પો, સંસારમાં આસક્તિ જન્મ - મરણના ચક્રમાં અટવાયેલા રહેવું એનુ નામ બંધન.

માણસ રાગ અને દ્વેષ, ગમતું અને વણગમતું ના દ્વંદમાં ઘેરાયેલો રહે છે. એટલે કે માણસ માનસિક દ્રષ્ટીયે અશાંત રહે છે જે માણસ 'કામી' હોય, સ્વભાવે 'ક્રોધી' હોય, 'મોહાન્ધ' હોય મદમાં છકકી ગયેલો હોય તો પોતે ઉભા કરેલા દૂષણો, પ્રદુષણો, કુટેવો, કુસંગો, કે દ્વેષને કારણે જાતજાતની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જ્યાં સુધી માણસનું મન સાત્વિક, ભગવતીય કે સંતોષી ન બને ત્યાં સુધી એનો સ્વભાવ એને દુઃખી જ રાખવાનો.

વૈભવ, સંપત્તિ કે સંતતી રહે ના રહે પણ પતિ-પત્નીએ
તો છેલ્લે સાથે જીવન ભર સુખેથી રહેવાનુ છે.

**જે કહેવું હોય તે કહી દે, જે કરવું હોય તે કરી લે.**
**એક બીજાના ચોકઠા (ડેન્ચર-ચશ્મા) શોધવા તો**
**છેલ્લે આપણે બેજ રહી શું.**
**હું રીસાઈશ તો તું મનાવજે, તું રિસાઈશ તો હું મનાવીશ,**
**એક બીજાને લાડ લડાવવા છેલ્લે તો આપણે બે જ રહીશું.**
**ઘુંટણ જ્યારે દૂખશે, કેડ વળવાનુ મુકશે ત્યારે એક**
**બીજાના પગ દબાવવા છેલ્લે તો આપણે બે જ રહીશું.**
**મારા રીપોર્ટ તદ્દન નોર્મલ છે, આઈ એમ ધ ઓલ રાઈટ**
**ચેક કરીને એક બીજાને છેતરવા આપણે બે જ હોઈશું.**
**સાથ જ્યારે છુટી જશે વિદાયની ઘડી આવી જશે ત્યારે**
**એકબીજાને માફ કરવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.**
**સુખડનો હાર મારી છબી પર તુ લગાડશે કે તારી છબી પર**
**હું લગાડીશ તે છબી ને હાર રોજ સાફ કરવા તો**
**હું કે તુ કોઈક હોઈશું.**

સુખી થવા એટલુ યાદ રાખવું કે જે કાર્ય કરતાં અંતરાત્માને પરિતોષની અનુભૂતિ થાય તે કાર્ય પ્રયત્નપૂર્વક કરતા રહેવુ.

**- શૈલેષ કી. દેસાઈ**

✤ ✤ ✤ ✤ ✤

# ક્રોધ પર કાબુ

એક ધનાઢ્ય કુટુંબનો યુવાન ભારે લાડ-કોડથી ઉછરેલો સ્વભાવે ઉદ્ધડ અને અતિશય ગુસ્સાવાળો હોવાથી વાત વાતમાં લોકો સાથે ઝઘડી પડે. ગમે તેવું અપમાન કરી નાખે. તેના ગુસ્સાથી તેના માતા-પિતાને બહુ ચિંતા થતી. તેમણે તેને બહુ સમજાવ્યો કે અપશબ્દો અને અપમાનથી કોઈનું દિલ દુભાવવું સારું નહી પણ એની એના પર કોઈ અસર ન થઈ.


એના શાણા-સમજુ પિતાએ એને સુધારવા એક મનોવૈજ્ઞાનિક પ્રયોગ વિચાર્યો એમને લાગ્યું કે કદાચ આ ઉપાય કામ કરી જાય. એક દિવસ એમણે દીકરાને કહ્યું જો બેટા, હું તને થોડા ખીલા અને હથોડા આપું છું જ્યારે તને ગુસ્સો આવે ત્યારે દિવાલમાં એક ખીલો મારી દેવાનો. યુવાનને આમાં કંઈક નવું લાગ્યું એટલે તેણે આ વાત સ્વીકારી લીધી. એને જેટલી વાર ગુસ્સો આવે એટલીવાર એ દીવાલમાં ખીલો લગાવી દેતો. પહેલે દિવસે તેણે ૩૮ ખીલા લગાવ્યા પણ કોણ જાણે કેમ ધીમે ધીમે આ પ્રમાણ ઘટવા લાગ્યું. એક દિવસ એવો આવ્યો દિવાલમાં એકપણ ખીલો નહોતો લાગ્યો.

એ યુવાનના પિતાએ આ જોયું એટલે એને કહેવા લાગ્યાં,''ઘણું સારું કહેવાય, દિવાલમાં ખીલા લગાવવાની સંખ્યા ઘટી ગઈ. હવે તું બીજું એક કામ કરજે. હવે તને જેટલીવાર ગુસ્સો આવે અને તુ એને કાબુમાં લઈ લે એટલીવાર તારે દિવાલમાંથી એક એક ખીલો કાઢી નાખવાનો. યુવાન ગુસ્સા પર કાબૂ રાખતા શીખી ગયો. ગુસ્સો આવે પણ તે સંયમ કરી લે અને ગુસ્સે થવાનું ટાળી દે. એ વખતે દિવાલમાંથી એક ખીલો કાઢી નાખે. આમ કરતાં કરતાં એક પછી એક ખીલા નીકળતા ગયાં. એક દિવસ એવો આવ્યો કે દિવાલ પરથી બધા જ ખીલા નીકળી ગયા. એ યુવાનના પિતાએ જોયું. એટલે એ કહેવા લાગ્યા, ''બેટા, ધન્ય છે તને ! તું શાબાશીને પાત્ર છે. તને ગુસ્સા પર કાબૂ રાખતાં આવડી ગયું છે. પણ દિવાલ સામે નજર કર એમાં કેટલા કાણા પડી ગયાં છે. તું એની ગણતરી કર તે ગુસ્સો કરતી વખતે ખીલા ઠોકવાનું શરૂ કર્યું ત્યારથી અત્યાર સુધીમાં તે આટલી વાર લોકોના હૃદય પર આવા છેદ કરી નાખ્યા છે. વિચાર કર, એ પહેલાં તો કેટલી વાર આવા છેદ કર્યા હશે ?

વાણીથી પડેલા ઘા રૂઝાતા નથી. એનાથી હૃદય સતત આળું રહે છે. ખેર, જે થયું તે થઈ ગયું પણ સારું છે કે હવે તે શબ્દોથી લોકોના હૃદય પર ઘા કરવાનું છોડી દીધું.

આજે આપણા પણ સંકલ્પ કરીએ કે કોઈના રસ્તામાં ગુલાબ ન વાવી શકીએ તો કંઈ નહી પણ કાંટા તો હરગીઝ ન વાવીએ. આપણને સૌને પણ ગુસ્સા પર કાબૂ રાખવાની ભગવાન પ્રેરણા આપે.

**- સંકલન**



## મા

સહુનું ગમતું સહાય કરતી, સાચવે સહુનું મન,
મનનુ ગમતું કરવાનું એને નહીં થતું હોય મન ?
મા પણ થાકે, મા કંટાળે, મા પણ માંદી થાય
ત્યારે જે ના સમજાયું, એ આજ હવે સમજાય
નાનપણે મા યાદ રહી નહિ, પછી યાદ ન આવી
આજ હવે સમજાય છે આપણે માને કેવી ભુલાવી ?
ગમતું, અણગમતું કે કેટલું આપણે રાખ્યું યાદ
સાવ નકામું સાચવવામાં, કામનું થઈ ગયું બાદ !
સાવ એકલી તોય મા કામ કેટલા કરતી ?
કદી કહયું નહી, થેન્કસ કે સોરી, તોયે હેત વરસાતી
એજ રસોયણ, એ તેડાગર, એ જ બની જાય આયા
થાકે એની કાયા તોયે ફરતી એની છાયા
વાટ નિરખતી, માનતા માનતી, મનમાં મંત્રો જપતી,
સાજા-નરવા જોઈને, માતા દેવ ને દીવો ધરતી
શંકા નહિ, એ ચિંતા કરતી, જ્યારે કરે સવાલ
શબ્દથી ઝાઝું આંખ બોલતી છલકી રહેતું વ્હાલ,
મોટા થઈ ને બાપુ જેવા થાવાનું મન થાતું,
મા ના જેવા થઈ શકાય નહિ, સત્ય હવે સમજાતું
નામ અને સરનામું થઈને બાપુ સાથમાં રહેતા
મા ની ઓળખ ભૂલાઈ જાતી, સમયની સાથે વહેતા
મા બાળકથી થાય ન જુદી, ભલે કપાતી નાળ
દૂર હોય કે પાસે, માતા સદાય લે સંભાળ,
જીવતી હોય એ જાળવી જાણજો, ના જાળવો તો ભૂલ
સ્મરણ હોય તે મનમાં માણજો, આંસુ બનશે ફુલ
મા ઈશ્વરથી અદકી છે, તમે કદી ના ભૂલશો આ
ઈશ્વર સઘળે પહોંચી શકતો નહિ, એથી બનાવી મા,
મા ને દુઃખ દેવાથી, મોટું જગમાં ના કોઈ પાપ
આવા પાપી થશો તોય મા તો કરશે માફ.
મા અને માફી સદા યાદ જ રહેશે.

**- નયન**

## વલ્લભ - વર

વલ્લભ વરને હુ નમુ રે, કરુ રે તુજને પ્રણામ
વાણી તો નીર્મળ આપજો.રહો અમારી સાથ...
વલ્લભ નામ અજોડ છે રે, ન તૂટે તેનો તાર
મન બુદ્ધિ નિર્મળ કરે, તેનો ઝાલ્યો છે જણનો હાથ.
પુષ્ટ પંથમાં આવી ઉભા છો, અષ્ટ સખાની સાથ
બેઠકજીએ પુષ્ટી પંથનો, કર્યો છે વિસ્તાર...
વૈષ્ણવ મારા સમજી લેશે, જીવનનો છે સાર
ગુરુ ભક્તીની સેવા કરશે, પુષ્ટિ પંથને આગળ કરશે
વલ્લભ છે તારી સાથ

**- સરલાબેન દેસાઈ (દેડકી)**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬

Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

# Indoor Sports

## (Shri Surendra Parikh (Surendra Engineering Corporation) & Shri Dakshesbhai / Shri Minishbhai Kadakia Indoor Sports Activities)

All the winners at the Indoor Sports are requested to be present at 5 P.M. on 22-6-13 (Saturday) in Annual General Meeting which will be held at Smt. Subhadraben Navinchandra Shah (Kalkattawala), Meeting Hall (Pragati Samaj Office) 45/49 Babu Genu Road, Mumbai - 400 002 to collect their prizes.

**Note :** Those who are absent please collect it from Shree Balasinoar Navyuvak Sangh office.

**Convener : Ajit N. Modi, Secretary : Bhavesh Modi**

---

**શ્રી બા.ન. સંઘ સંચાલિત**
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

## મહિલા વિભાગ

તારાબાઈ હૉલમાં તા. ૩૦મી જુલાઈ, મંગળવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે "Health Oriented" પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પાસ તા. ૨૩ જુલાઈ, મંગળવારે સંસ્થાની ઓફિસમાં સમય ૩ થી ૪ દરમ્યાન રૂા. ૫૦ લઈ આપવામાં આવશે અથવા કોઈપણ કમિટિ બહેનો તે દરમ્યાન આપી શકશે.

**સંયોજક - પ્રતિમા કિરીટ ધારીઆ - ૯૮૨૦૧૫૨૬૪૪**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૨મી બેઠક (એક દિવસીય મીટીંગ) તા. ૧૯-૫-૨૦૧૩, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) મીટીંગ હૉલ (પ્રગતી સમાજની ઓફિસ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ એ આમંત્રીત મહેમાનો અને વડીલોને આવકાર આપી તેમના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતાં.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠએ ગત મિટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નિકેશ ગાંધીએ ગત વર્ષના બીન અન્વેષિત હિસાબ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ મંત્રી નિવેદન રજુ કર્યું હતું, જે પસાર કરવામાં આવ્યો હતો.

આમંત્રીત વડીલોએ સંસ્થાની ગત વર્ષની સેવાઓ બિરદાવી હતી અને સારા ભવિષ્યની આશા વ્યક્ત કરી હતી.

સંસ્થાના તંત્રી શ્રી નિખિલ પરીખનું રાજીનામુ આવ્યું હતું. તેમનાં ૨૫ વર્ષની કારકીર્દીને પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ એ બીરદાવી હતી અને ભારી દુઃખે એમનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું સાથે જ તેમના સારા ભાવીની આશા વ્યક્ત કરી હતી.

કુલ ૩ લીવની અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

## જનરીક દવાઓ

જનરીક દવાઓ વિશે આપ સૌએ આમીરખાનના શો દ્વારા જાણ્યું જ હશે. સામાન્ય રોગોમાં બ્રાન્ડેડ દવાઓ કરતાં જનરીક દવાઓ ખુબ સસ્તી પડતી હોય છે. ડોકટરની સલાહ લઈને www. medguideindia.com સાઈટ ઉપરથી બ્રાન્ડેડ દવાના નામ નાખીને જનરીક દવાના નામ શોધી શકાય છે. કદાચ આપને ઉપયોગી થાય.

**કીડનીની પથરી - અકસીર દવા**

| | |
|---|---|
| કડુ | ૨૫ ગ્રામ |
| કરીયાતુ | ૨૫ ગ્રામ |
| કાળીજીરી | ૨૫ ગ્રામ |
| અંદરજવ | ૨૫ ગ્રામ |
| ગળો | ૨૫ ગ્રામ |
| ગોખરૂ | ૨૫ ગ્રામ |
| ગરમાળાનો ગોળ | ૨૫ ગ્રામ |
| પાષાણભેદ | ૨૫ ગ્રામ |

દરેક પાવડર ૨૫ ગ્રામ લેવો. બધા પાવડર મીક્સ કરવા. તેના ૨૦ ભાગ કરવા. રાત્રે ૪ કપ પાણીમાં ૧ ભાગ પલાળવું. સવારે ઉકાળીને પા કપ બાકી રહે એટલે ગાળીને નરણા કોઠે પી જવું. ઘણા લોકોને આનાથી ફાયદો થયો છે. ૨૦ દિવસ દવા લેવાથી નાની પથરી તો દુર થાય જ છે ઓપરેશન કરાવવાની પણ જરૂરિયાત રહેતી નથી મોટી પથરી માટે વધુ દિવસ લેવાથી કોઈ નુકશાન પણ થતું નથી. **-પ્રવીણા પરીખ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**લગ્ન પ્રસંગે મળેલ દાન**

**શ્રી સૌમિલ શૈલેશ શાહ**ના લગ્ન પ્રસંગે રૂા. ૫૧,૦૦૦/- નુ ડોનેશન સ્વ. ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર શાહ (બેઆની) તરફથી શૈક્ષણીક પારિતોષીક માટે વચન મળેલ છે. હસ્તે નીતાબને શૈલેશ શાહ.

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારી સમિતિની ૪ થી બેઠક શ્રી દક્ષેષ બા. કડકીઆના પ્રમુખ પદે તા. ૩૦-૫-૧૩ ગુરૂવારના રોજ સુભદ્રાબેન ન. શાહ (કોલકતાવાળા) મિટિંગ રૂમ, પ્રગતિ સમાજ મુંબઈ- ૨ ખાતે મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટની ત્રીજી કારોબારી સમિતિની મીનીટસનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી. મંડળ તથા ટ્રસ્ટના અન-ઓડીટેડ એકાઉન્ટસ વાંચી સંભળાવ્યા હતા. જેને થોડા ઘણા ખુલાસા બાદ મંજૂર કરી ઓડીટ કરવા માટે મોકલવાની મંજૂરી મળી હતી. ટ્રસ્ટની ૩૪ મી તથા મંડળની ૮૫મી વાર્ષિક સભાની તારીખ, સમય અને સ્થળ માટે હોદ્દેદારોને સત્તા આપવામાં આવી હતી.

વાર્ષિક સભાના ખર્ચ માટે રૂા. ૫૦,૦૦૦/- ટ્રસ્ટ તથા મંડળમાં મંજુર કર્યા હતા. મંડળમાં શ્રીમતી પુષ્પાબેન રસીકલાલ કડકીઆ (આર. આર.) અપીલ અપલીફ્ટમેન્ટ ઓફ સોસાયટી યોજના હેઠળ એક અરજીને રૂા. ૩૦,૦૦૦/- (અંકે રૂા. ત્રીસ હજાર પુરા) માટે મંજુરી મળી હતી. તથા એજ્યુકેશન રીલીફ માટે રૂા. ૧, ૨૫,૦૦૦/- (રૂા. એક લાખ પચ્ચીસ હજાર પુરા) માટે મંજુરી મળી હતી. આર્થિક રાહત સમિતિનો રીર્પોટ રજૂઆત કરવામાં આવ્યો હતો.

ફ્રીઝ સેન્ટર માટે ફ્રીઝ તથા EPBX નવા વસાવા માટે તથા Stamp Duty ભરવા માટે મંજુરી લેવામાં આવી હતી. Dr. Moghe સેન્ટર ખાતે નવા G.P. સાથે હેલ્થ પેકેજ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ભાટિયા હોસ્પિટલ ખાતે MRI તથા આશા પારેખ હોસ્પિટલ સાંતાક્રુઝ ખાતે મેડીકલ ટેસ્ટ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

૧૪ મેમ્બરો હાજર રહ્યા હતા.

૧ મેમ્બરની લીવ આવી હતી. ભોજનને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી.

**મંત્રીઓ : શ્રી પરેશ આર. પરીખ**
**શ્રી કીરીટ આર. ધારીઆ**

**શ્રીમતી કલાવતીબેન ચીમનલાલ કડકીઆ (બનડા) આર્થિક રાહત યોજના તથા શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ જીવન નિર્વાહ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ માટે નીચે મુજબની સહાય આપવામાં આવશે.**

**મુંબઈ ખાતે**

| વ્યક્તિનું કુટુંબ | | રકમ |
|---|---|---|
| ૧. | - | રૂા. ૩,૭૦૦/- |
| ૨. | - | રૂા. ૪,૮૦૦/- |
| ૩. | - | રૂા. ૫,૮૦૦/- |
| ૪. | - | રૂા. ૬,૬૦૦/- |
| ૫. | - | રૂા. ૭,૩૦૦/- |
| ૬. | - | રૂા. ૮,૦૦૦/- |

**બાલાસિનોર ખાતે**

| | | |
|---|---|---|
| ૧. | - | રૂા. ૨,૦૦૦/- |
| ૨. | - | રૂા. ૩,૦૦૦/- |
| ૩. | - | રૂા. ૪,૦૦૦/- |

## દર્શન

મદન મોહન લાગે પ્યારો, રોજ રોજ નીહાળો
મંગળાની ઝાખી કરવા, દોડી દોડી આવી....
શૃંગારના તો રૂપ અનોખા, ગ્વાલ સંગે તો ચાલ્યો વનમાં
રાજભોગની આરતી ટાણે, ઉભો તુ પ્રેમથી પ્યારો
ઉત્થાપનના દર્શન કરવા, શ્રીજી દ્વારે જઈએ
ભોગના દર્શન કરીને, પાવન પ્રભુજી થઈએ
આરતીના દર્શન કરીને , મનનાં દ્વાર ખોલીએ શયનમાં તુ
આવે ત્યારે, હૈયામાં આવીને રહેજો.

**- સરલાબેન દેસાઈ (દેડકી)**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## અનુકરણીય દાન વચન

ચાલુ માસ દરમ્યાન મંડળને શ્રી અક્ષય બાબુલાલ શાહ (વસનજી) તરફથી તેમનાં પુત્રનાં લગ્ન પ્રસંગે રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ) નું દાન વચન મળેલ છે. દાતાશ્રીની ઈચ્છા અનુસાર આ ન્યાસ ફંડનાં વ્યાજની રકમ વધુ અભ્યાસ અર્થે પરદેશ જનાર વિદ્યાર્થીમિત્રોને શૈક્ષણિક સહાય માટે ઉપયોગમાં લેવામાં આવશે.

મંડળ દાતાશ્રીનો અને તેમનાં પરિવારનો હૃદયપુર્વક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ**

**શરદ નટવરલાલ દેસાઈ – મંજુલ શૈલેષ ધારીઆ**

---

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## સામાન્ય સભા (AGM)

મંડળની ૮૯મી વાર્ષિક સામાન્ય સભા **(AGM)** ૧૫ મી સપ્ટેમ્બર ૨૦૧૩, રવિવારના રોજ રામા વાટુમલ ઓડીટોરીયમ, કે.સી. કોલેજ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦ ૦૨૦ ખાતે સવારે ૯.૩૦ કલાકે આયોજીત કરવામાં આવેલ છે. વધુ વિગત આગામી અંકમાં રજુ કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીઆ પુરસ્કૃત **Talent Appreciation Scheme** ના ઉપક્રમે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત વાડાસિનોર વણિક જ્ઞાતિનાંજ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપનાર વ્યક્તિઓનું જાહેર સન્માન કરી આપણાં સમાજના વિરલ વ્યક્તિત્વોની સમાજમાં આગવી ઓળખ આપી. તેમની ઉપલબ્ધિઓને બીરદાવવામાં આવશે. વર્ષ દરમિયાન રૂપિયા એક લાખ કે તેથી વધુ રકમનાં દાન વડે મંડળની પ્રવૃત્તીને સબળ કરનાર દાતાઓનું પણ આ પ્રસંગે યથોચિત સન્માન કરવામાં આવશે.

**''વાડસોલ કર્મવીર''**

શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) ની પ્રેરક સ્મૃતિ રૂપે, ''વાડસોલ કર્મવીર'' તરીકે સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલીન સેવાઓ આપનાર કાર્યકર્તા **શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય)** ની સેવાઓને સન્માનથી ગૌરવાન્તિ કરાશે.

**માનદ્ મંત્રીઓ**

**શરદ નટવરલાલ દેસાઈ – મંજુલ શૈલેષ ધારીઆ**

# બાલાસિનોરનાં પ્રિય સ્વજનોને આગ્રહભરી વિનંતી

શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ આપણી જ્ઞાતિનું સૌથી જુનું મંડળ છે. જે વર્ષોથી જ્ઞાતિનાં બાળકોને શિક્ષણ ક્ષેત્રે જરૂરી મદદ કરી રહ્યું છે. અગાઉનાં વર્ષોની વાત નથી કરવી. છેલ્લાં દસકાનો એક સાધારણ ચિતાર તમારી સમક્ષ રજુ કરું છું. ઈ.સ. ૨૦૦૦-૨૦૦૧, એટલે ૦૧-૦૪-૨૦૦૦ થી ૩૧-૩-૨૦૦૧ માં શાળા અને કોલેજમાં વિદ્યાભ્યાસ માટે રૂા. ૩,૩૨,૧૨૫૦, વિદેશ અભ્યાસ માટે રૂા ૨૫,૦૦૦ અને પારિતોષિક અને મેરીટ સ્કોલરશીપ માટે રૂા. ૨૨.૮૯૧ મળી કુલ રૂા. ૩,૮૦,૦૪૧ ની સહાય કરવામાં આવેલ.

(ઉત્તરોત્તર વધતી જતી મોંઘવારીમાં સારૂં શિક્ષણ મેળવવા માટે વધુ રકમની સહાય માંગવામાં આવે છે. જે માબાપ પોતાનાં બાળકનાં ભવિષ્ય માટે વિદ્યોત્તેજક મંડળ પ્રત્યેથી આશા રાખે છે.)

છેલ્લાં અગિયાર વર્ષમાં આ રીતે અપાતી સહાયનો આંકડો વધીને રૂા. ૨૩,૪૩,૩૭૦ પર પહોંચી ગયો છે. આ રકમ સુધી પહોંચવામાં અમને મદદ મળી છે જ્ઞાતિના પ્રિય દાતાઓની. જેમની દાનની સરવાણીમાંથી દાનનાં વ્યાજમાંથી થતી આવક થકી છેલ્લાં બાર વર્ષમાં મોંઘવારીએ દાટ વાળ્યો છે અન છ ગણી રકમ અપાઈ છે. હાલની જરૂરીયાત ૩૦ લાખ સુધી પહોંચે એવી ધારણા છે અને તે માટે દાતાઓ સમક્ષ ઝોળી ફેલાવી, હું નિઃસંકોચ આગ્રહભરી વિનંતી કરૂ છું. પણ વિદ્યોતેજક મંડળ પોતાની સંપુર્ણ તાકાતથી તેમની પડખે ઉભું રહી શિક્ષણક્ષેત્રની જરૂરી સહાય પુરી પાડવાં કટિબદ્ધ છે.

શૈક્ષણિક સહાય એ વિદ્યોત્તેજક મંડળનું બુનિયાદી ધ્યેય છે. શિક્ષણ અને કેવળ શિક્ષણનેજ વરેલ એક ધ્યેયી વિદ્યોતેજક મંડળ, આપણાં સમાજનો કોઈપણ ઉત્સાહી વિદ્યાર્થી આર્થિક સંકડાશને કારણે શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણથી વંચિત ના રહે તે માટે નિરંતર કાર્યરત અને પ્રવૃત્ત છે.

તો આપણાં સહુ ખમતીધર સ્વજનોને હૃદયનાં ઊંડાણથી સંસ્થા અપીલ કરે છે કે આ શિક્ષણયજ્ઞ આપનાં અનુદાન વિના અશક્ય છે. આપ સહુ યથાશક્તિ ફાળો આપી, વધતી જતી મોંઘવારીમાં સર્વે ઈચ્છુકોની વધુમાં વધુ માંગ સંતોષી શકવાં, અમારાં હાથ બળવત્તર બનાવો.

સમાજનાં દાતાઓ સમક્ષ અમે ૩ નવી વિદ્યાલક્ષી યોજનાઓ રજુ કરીએ છીએ.

| | | |
|---|---|---|
| **૧. કન્યા શિક્ષણ યોજના** | - **Girl's Educational Scheme** | **રૂા. ૧૧,૦૦,૦૦૦** |
| **૨. મેડિકલ શિક્ષણ યોજના** | - **Medical Educational Scheme** | **રૂા. ૧૧,૦૦,૦૦૦** |
| **૩. એન્જીનિયરીંગ શિક્ષણ યોજના** | - **EngineeringEducationa Scheme** | **રૂા. ૧૧,૦૦,૦૦૦** |

અમને વિશ્વાસ છે, કે સમાજનાં ઉદાર દિલ દાતાઓ હંમેશ મારફત દાનનાં પ્રતિસાદ વડે આ યોજનાઓને અપનાવી લેશે. આ યોજનાઓ ઉપરાંત પણ દાન આવકાર્ય છે.

દાતા - એ તો વાડસોલવાસીઓ માટેનો પર્યાયવાયી શબ્દ બની ગયો છે, તો આપ સૌ વાડસોલવાસીઓને અમારી ઝોળી છલકાવવાં ફરી ફરી આગ્રહભરી વિનંતી.

**''આપનું દાન - પ્રસારશે જ્ઞાન''**

**રસિકલાલ મણિલાલ લાકડાવાલા**

**પ્રમુખ - શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ**

# કે. એમ. જી. જનરલ હોસ્પિટલ

**નીચે મુજબની વિગતથી દાતાશ્રીઓને દાન માટે ટહેલ નાખવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| (૧) | આઈ.સી.યુ. વિભાગના નામકરણ માટે | રૂા. ૫૦,૦૦,૦૦૦/- |
| (૨) | હોસ્પિટલના બીજા માળના નામકરણ માટે | રૂા. ૫૦,૦૦,૦૦૦/- |
| (૩) | લીફ્ટ માટે | રૂા. ૧૧,૦૦,૦૦૦/- |
| (૪) | ગાયનેક વિભાગના નૂતનીકરણ માટે | રૂા. ૧૧,૦૦,૦૦૦/- |

**તદઉપરાંત નીચેના સાધનદાન માટે સ્વીકારવાનું ચાલુ છે.**

| | | |
|---|---|---|
| (૧) | બાંકડા માટે | રૂા. ૨૧,૦૦૦/- |
| (૨) | પલંગ માટે | રૂા. ૩૧,૦૦૦/- |

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

**શીલ્પાબેન અક્ષયભાઈ બાબુલાલ શાહ (વસનજી)** તરફથી તેઓના સુપુત્ર અર્પિતના લગ્ન પ્રસંગે **રૂા. ૫૧,૦૦૦/-** નું દાન નોંધાવેલ છે. સંસ્થા તેઓનો ખુબ ખુબ આભાર માને છે.

**(૧) શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) કુત્રિમ હાથ પગ (જયપુર ફુટ) કેમ્પ** તા. ૨૯-૩-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૩ લાભાર્થીઓને ૨૪ આર્ટીકલ્સનું ફ્રી વિતરણ કરવામાં આવેલ.

આ કેમ્પમાં અમદાવાદથી ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્ર, વાસણાના બે ટેકનીશીયનો અત્રે રૂબરૂ આવી દરદીઓના આર્ટીકલ્સના માપ લઈ જઈ આપણી એમ્બ્યુલન્સવાનમાં દર્દીઓને અમદાવાદ ખાતે રૂબરૂમાં તા. ૨૧-૪-૨૦૧૩ ટ્રાયલ માટે લઈ જઈને વિતરણ કરવામાં આવેલ છે. આ કેમ્પમાં આખા પગ-૪, અડધાપગ-૨, ઘોડી-૨, કેલીપર્સ -૨, સર્જીકલ બુટ-૧ તથા વ્હીલચેર - ૧ મળી કુલ ૨૪ આર્ટીકલ્સનુ વિતરણ કરવામાં આવેલ છે. જેનો કુલ ખર્ચ રૂા. ૪૫,૦૦૦/- થયો હતો. જે સંસ્થાએ કરેલ છે.

**(૨) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ડાયાબીટીસ નિદાન કેમ્પ** તા. ૨૮-૪-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૨૬ દર્દીઓ નોંધાયેલ. કુલ ૧૧૪ દર્દીઓને તપાસવામાં આવેલ. તમામ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. તેમજ જરૂરીયાતવાળા તમામ દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ છે.

**(૩) શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :** તા. ૨૧-૫-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૪૪ દર્દીઓએ લાભ લીધેલ. દરેક દર્દીઓને તપાસની જરૂરીયાતવાળા તમામ દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ છે.

**નોંધ : ચ્યવનપ્રાસનું વેચાણ ચાલુ છે. જે નીચેના સરનામેથી મળશે.**

**૧) રાજેન્દ્રભાઈ કે. દેસાઈ** - ક્વીક ઈન્ડસ્ટ્રીયલ સપ્લાયર્સ, બાબુગેનુ રોડ, મુંબઈ-૨. ફોન-૦૯૮૨૦૦૮૦૧૦૪

**૨) નિતીનભાઈ પરીખ** - યુનાઈટેડ ઈન્ડસ્ટ્રીયલ એજન્સી, સ્વસ્તીક ચેમ્બર્સ, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૩. ફોન - ૦૯૮૨૧૦૩૯૦૮૭

**- માનદ્ મંત્રીઓ - રાજેન્દ્રભાઈ દેસાઈ, નિતીનભાઈ પરીખ**

# શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ
**સંચાલિત**

## આરોગ્યધામ લેવા બાબત તા. ૧-૬-૨૦૧૩ થી અમલમાં આવતા નિયમો

- કમળાબેન મણીલાલ પરીખ તથા મણીલાલ ગોરધનદાસ પરીખ (દાઢીવાલા), હીરા બિલ્ડીંગ અતિથિ ગૃહ
- ચંદનબેન મણીલાલ લાલચંદ દોશી મંગલવાડી અતિથિ ગૃહ
- શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ ભીખાલાલ પરીખ (બખલી) યોગી નગર સેનીટોરીયમ

સર્વે બાલાસિનોરવાસીઓને જણાવવાનું કે તા. ૧-૬-૨૦૧૩ થી જે વ્યક્તિ રીડેવલપમેન્ટ માટે આરોગ્ય ધામનો લાભ લેવો હોય તેમને ડીપોઝીટ રૂા. ૧૦,૦૦૦/- અને વ્યક્તિગત પ્રસંગ માટે જોઈતી હોય તેમને રૂા. ૫,૦૦૦/- ડીપોઝીટ લેવામાં આવશે.

ડીપોઝીટની રકમ રૂમના કબજાના એક મહિના પહેલા મુકવી પડશે અને તે એક મહિના પછી ખાલી કર્યા બાદ મળશે.

બીજા કોઈ નિયમોમાં ફેરફાર કરાયો નથી.

આશા છે સહુ આ યોજનામાં સાથ અને સહકાર આપે એવી અપેક્ષા.

**સંયોજક - શ્રી મિનીષ બાબુલાલ કડકીઆ (લટકારી)**

**મંત્રી - શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ (લાટવાલા), શ્રી પરેશ રસીકલાલ પરીખ (દુધવાલા)**

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલાં

- **મનન વિજય શાહ (ચકવા)** H.S.C. (Science) (ગુજરાત બોર્ડ) માં ૯૧.૪૨% માર્કસથી ઉત્તીર્ણ થયેલ છે.

- **Karan Mitesh Ashok Dharia** (Jaliwala) studing in Dhirubhai Ambani International School scored 94.5 % in his ICSE Examination. He Scored 100% in Maths.

- **Dhvanil Camille Sheth** C.A. Final માં ૨૭માં ક્રમાંકે ઉત્તીર્ણ થયા છે

- **Kanish Dilip Parikh** studing in Green Lawns High School Scored 93.25 % in his ICSE Examination.

- **નીશ વીરલ પરીખ (તાતીયા)** મુંબઈ રોલર સ્કેટીંગ અને મુંબઈ સ્પીડ સ્કેટીંગ ચેમ્પયનશીપ (૨૦૧૩) માં પ્રથમ આવી ગોલ્ડ મેડલ જીત્યા છે.

સંસ્થાવતી સૌને અભિનંદન.

## શુભ લગ્ન

૧. **સૌમિલ** શૈલેશ પ્રવિણચંદ્ર શાહ
**સતી** સુકેતુ રમણીકલાલ મોદી

૨. **સાહીલ** નીખીલ પ્ર. દેસાઈ (દેડકી)
**નંદીતા** નવીનભાઈ શેટ્ટી

**દુનિયા તમને એ સમય સુધી ક્યારેય હરાવી નથી શકતી, જ્યાં સુધી તમે ખુદ તમારાથી હારી ના જાઓ !!!!**

## સભ્યના અવસાન બાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ગં.સ્વ. સાવિત્રીબેન વિનોદચંદ્ર શાહ (વડોદરાવાળા) | ૭૭ |
| ગિરીશચંદ્ર આદિત્યરામ ત્રિવેદી | .... |
| ઉષાબેન શૈલેષભાઈ ધારીયા (હેડમાસ્તર) | ૭૮ |
| દીપકભાઈ નવનીતલાલ પરીખ (બખલી) | ૬૧ |
| કપિલા નયનભાઈ કડકિયા (ધંગેલા) | ૫૪ |
| મનીષ કીરીટભાઈ ધારીયા | ૩૮ |
| સુર્યકાંત ચીમનલાલ શાહ | ૭૪ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**



**કપિલા નયનભાઈ કડકીયા (ધંગેલા)**

ઉંમર વર્ષ - ૫૪

**નેત્રદાન - ત્વચાદાન - દેહદાન** કરેલ છે.